# ૫. નવાઈલાલ

### વેણીભાઈ પુરોહિત

તેમનો જન્મ ૧ ફેબ્રુઆરી, ૧૯૧૬ના રોજ જામખંભાળિયામાં થયો હતો. વ્યવસાયે પત્રકાર આ કવિએ શરૂઆતમાં પ્રુફરીડર તરીકે કામ કર્યું હતું. તેઓ ગુજરાતી દૈનિક સાથે જોડાયેલા રહ્યા. તેમણે કેટલાક ગુજરાતી ફિલ્મી ગીતો પણ લખ્યાં છે. સંગીતની સૂઝ હોવાને લીધે તેમના ગીતોમાં અને ગઝલોમાં શબ્દ અને લયનું માધુર્ય પ્રગટ થાય છે. 'સિંજારવ', 'ગુલઝારે શાયરી', 'દીપ્તિ', 'આચમન', 'સહવાસ' વગેરે કાવ્યસંગ્રહો તથા 'અત્તરના દીવા', 'વાંસનું વન', 'સેતુ' વગેરે વાર્તાસંગ્રહો તેમણે આપ્યા છે. 'તારી આંખનો અફીણી' જેવી સુપ્રસિદ્ધ રચના પણ આપણને તેમની પાસેથી મળી છે. ૩ જાન્યુઆરી, ૧૯૮૦ના રોજ તેમનું અવસાન થયું હતું.

### સૂર કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં ગામડામાં ઉજવાતી હોળીના દૃશ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. ભારતની સાંસ્કૃતિક પરંપરામાં તહેવારોનું આગવું અને અનોખું મહત્ત્વ છે. 'હોળી'નો રંગીન તહેવાર ભારતભરમાં ભારે ઉત્સાહથી ઉજવવામાં આવે છે. વળી દરેક રાજ્યની ઉજવણીમાં ભિન્નતા હોવા છતાં ઉત્સાહ અને ઉમંગમાં કોઈ જ ઓટ વર્તાતી નથી. બાળકો હોળીના અવસરે પોતાના મહોલ્લામાં બધાંને રંગવાની પેરવીમાં નીકળી પડે છે. તો આવા સપરમા દહાડે હોળીનો ફાળો ઉઘરાવતી ઘેરૈયાની ટોળી આવતા-જતાં લોકોને ચેતીને ચાલવા માટે કહે છે. 'નવાઈલાલ'ના પાત્ર દ્વારા કવિએ કાવ્યમાં હાસ્યરસનું નિરૂપણ કરવા સાથે તાલ અને લયનું અદ્‌ભુત સંયોજન કરીને કાવ્યને ગેયતા આપી છે.

ચકલામાં ચેતીને ચાલો, નવાઈલાલ !<br>
હોળીનો પૈસો આલો, નવાઈલાલ !

આજે છે રંગ રંગ હોળી, નવાઈલાલ !<br>
આવી ઘેરૈયાની ટોળી, નવાઈલાલ !

ખાવાં છે સેવ ને ધાણી, નવાઈલાલ !<br>
દાણ માગે છે દાણી, નવાઈલાલ !

આવ્યા નિશાળિયા દોડી, નવાઈલાલ !<br>
સાહીની શીશીઓ ઢોળી, નવાઈલાલ !

ઝાલી છે હાથમાં ઝોળી, નવાઈલાલ !<br>
સિકલ તમારી છે ભોળી, નવાઈલાલ !

જૂની પોતડી પ્હેરી, નવાઈલાલ !<br>
લાગો છો રસિયા લ્હેરી, નવાઈલાલ !

ઊંધી તે પ્હેરી ટોપી, નવાઈલાલ !
હસશે ગામની ગોપી, નવાઈલાલ !

ચશ્માની દાંડી વાંકી, નવાઈલાલ !
આંખોની આબરુ ઢાંકી, નવાઈલાલ !

ચાલોને ઘેરમાં ફરશું, નવાઈલાલ !
નદીએ નાવણિયાં કરશું, નવાઈલાલ !

કોરા રહેવાની વાત મૂકો, નવાઈલાલ !
આજે દિવસ નથી સૂકો, નવાઈલાલ !

મૂછોમાં બાલ એક ધોળો, નવાઈલાલ !
કાળા કલપમાં બોળો, નવાઈલાલ !

કૂવાકાંઠે તે ના જાશો, નવાઈલાલ !
જાશો તો ડાગલા થાશો, નવાઈલાલ !

આજે સપરમો દા'ડો, નવાઈલાલ !
લાવો ફાગણનો ફાળો, નવાઈલાલ !

ચકલામાં ચેતીને ચાલો, નવાઈલાલ !
હોળીનો પૈસો આલો, નવાઈલાલ !

### અધ્યાપન સંકેત

પ્રસ્તુત કાવ્યના અધ્યાપનની શરૂઆતમાં ભારતમાં ઉજવાતા સામાજિક, ધાર્મિક તેમજ રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી બાબત ચર્ચા કરવી. તેમાં જરૂરી માહિતી પૂરી પાડવી. 'હોળી'ના તહેવાર પાછળની પૌરાણિક વાર્તાનો પરિચય આપવો.

ગામડામાં અને શહેરોમાં ઉજવાતા હોળીના તહેવારની ઉજવણી વિશે પ્રશ્નો પૂછીને આવશ્યક જણાય ત્યાં સ્પષ્ટીકરણ આપવું. ભારતના વિવિધ રાજ્યોમાં ઉજવાતા આ તહેવારની વિશેષતા પર પણ પ્રકાશ પાડવો.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો :**

(૧) ફંડ (૨) બાટલી (૩) સરિતા (૪) શાખ
(૫) મહોલ્લો (૬) નેત્ર (૭) ચહેરો (૮) જકાત

**સ. ૨. ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો : દા.ત. : સાક્ષર – નિરક્ષર**

(૧) ઊંધી (૨) કોરા (૩) ભોળું (૪) ધોળો (૫) જૂની

**સ. ૩.** **વાંકું એટલે સીધું નહિ તેવું, વાંકું વળવું એટલે નીચા નમવું. દા.ત. વાંકા વળીને સંજવારી કાઢવી. આવી રીતે નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ લખી તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

(૧) વાંકું ચાલવું (૨) વાંકું પડવું (૩) વાંકું બોલવું

**સ. ૪.** **શબ્દસમૂહ માટે એક શબ્દ કાવ્યમાંથી શોધીને લખો :**

(૧) હોળી રમવા માટે મહોલ્લામાં નીકળેલો છોકરો – (૨) ચાર રસ્તા મળતા હોય તેવી જગ્યા –

(૩) શુભ, આનંદનું પર્વ, સારો દિવસ – (૪) જરાપણ ભીનું ન હોય તેવું –

**સ. ૫.** **પ્રાસયુક્ત શબ્દો કાવ્યમાંથી શોધો :**

(૧) ધોળો (૨) ચાલો (૩) ધાણી (૪) જાશો (૫) ટોપી

**સ. ૬.** **લખો :** (૧) કાવ્યમાં ઉલ્લેખાયેલ ખાવાની ચીજો – (૨) કાવ્યમાં ઉલ્લેખાયેલ પહેરવાની ચીજો –

**સ. ૭.** **યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો :**

(૧) ગામની ગોપી હસશે. કારણ કે ______________

(અ) ઊંધી ટોપી પહેરી છે (આ) ઊંધું પહેરણ પહેર્યું છે (ઇ)પોતડી ઊંધી પહેરી છે

(૨) કોરા રહેવાની વાત ન કરવી. કારણ કે આજનો દિવસ______________

(અ) સપરમો છે (આ) સૂકો નથી (ઇ) મજા કરવાનો છે

(૩) ઘેરૈયાની ટોળી મહોલ્લામાં નીકળી છે, કારણ કે ______________

(અ) રંગપંચમીનો તહેવાર છે (આ) નવાઈલાલને રંગે રમાડવા છે

(ઇ) રંગ રંગ હોળીનો તહેવાર છે

**સ. ૮.** **કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડો :**

| વિભાગ 'અ' | વિભાગ 'બ' |
|---|---|
| (૧) આવ્યા નિશાળિયા દોડી | (અ) લાગો છો રસિયા લ્હેરી |
| (૨) જૂની પોતડી પ્હેરી | (આ) કાળા કલપમાં બોળો |
| (૩) ચશ્માની દાંડી વાંકી | (ઇ) શાહીની શીશીઓ ઢોળી |
| (૪) મૂછોમાં બાલ એક ધોળો | (ઈ) આંખોની આબરૂ ઢાંકી |

**સ. ૯.** **નીચેની કાવ્ય પંક્તિને યોગ્ય ક્રમમાં ગોઠવો :**

(૧) આજે સપરમો દા'ડો નવાઈલાલ ! (૨) ચકલામાં ચેતીને ચાલો, નવાઈલાલ !

(૩) નદીએ નાવણિયાં કરશું, નવાઈલાલ ! (૪) સિકલ તમારી છે ભોળી, નવાઈલાલ !

**સ. ૧૦.** **ઘેરૈયાની ટોળીના તોફાનનું વર્ણન તમારા શબ્દોમાં કરો.**

**સ. ૧૧.** **યોગ્ય વિશેષણ લખો :**

(૧) કલપ (૨) દા'ડો (૩) સિકલ (૪) દાંડી (૫) પોતડી

સ. ૧૨. વચન બદલો :

(૧) ટોપી (૨) દિવસ (૩) દહાડો (૪) પૈસો

(૫) ખાનું (૬) પાંદડું (૭) છોકરું (૮) વાત

સ. ૧૩. (અ) નીચેના પ્રમાણે ક્રિયાપદોના રૂપ લખો :

દા.ત. : 'કરવું' – • હું કરીશ – અમે કરીશું. • તું કરશે – તમે કરશો. • તે કરશે – તેઓ કરશે.

(૧) જવું (૨) ફરવું

(બ) નમૂના પ્રમાણે એકવચનમાં લખો : દા.ત. : તમે ચાલો – તું ચાલ

(૧) તમે માગો – (૨) તમે બેસો – (૩) તમે જાવ –

**સંભાષણ** ★ તમારા પ્રિય તહેવાર વિશે વર્ગના મિત્રોને કહો.

**પ્રકલ્પ** ★ ભક્ત પ્રહ્લાદ વિશે ચિત્રસહિત ચાર્ટ બનાવો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### દિવાળીના દીવા

દિવાળીના દીવે દીવે દિલના દ્વાર ખોલવા એ દિવાળીનો દિવ્ય અર્થ છે. દિવાળીમાં દિલની દોલત કે હૈયાના હિસાબ તપાસી સુંદર સરવૈયું કાઢવું એ દીવાનું રહસ્ય છે. દિવાળીના દિવસોમાં દ્વેષના દાવાનળને, વેરઝેરના વિષને દૂર કરી પ્રેમ પ્રકાશનાં પૂંજ પ્રગટાવવાના છે. અંતરમાં રહેલા અજ્ઞાનરૂપ અમાસનાં અંધારાં દૂર કરી પ્રેમની પૂર્ણિમા પ્રકાશિત કરવાની છે. દિવાળીના દિવસોમાં પુણ્યની પવિત્ર પ્રક્રિયા દ્વારા પાપ પંકનું પ્રક્ષાલન કરી અરિહંતના નાદે અંતરને જાગૃત કરવું જોઈએ.દિવાળીના પવિત્ર દિવસોમાં દુશ્મનોની દુશ્મનાવટ દૂર કરી, ભ્રાતૃભાવની ભવ્ય ભાવના કેળવવી જોઈએ.

દીપમાલાનો પ્રકાશ ફક્ત બહારની દુનિયાને જ પ્રકાશિત કરે છે, પણ એના દ્વારા અંતરમાં વર્તતો અજ્ઞાનરૂપી અંધકાર દૂર થતો નથી. એ અંધકાર દૂર થાય છે અંતરથી કરેલી ધર્મની આરાધનાની રોશનીથી, ધર્મ પ્રકાશ છે અધર્મ અંધકાર છે.

દિવાળીના દિવ્ય અર્થને, એના સારભૂત રહસ્યને, એના શુભ સંદેશને જે અનુસરે છે, તેઓ જ દિવાળીના દિવ્ય આનંદને માણી શકે છે. દિવાળીના દીવે દીવે સત્યનો પ્રકાશ જેને જણાય, સમજાય, અનુભવાય એવી દરેક વ્યક્તિને દિવાળીનું દિવ્ય દર્શન આંતર જ્યોતિ પ્રગટાવનારું બને છે. એના દિલનું દ્વાર દીપમાલાની રોશનીથી ઝગમગી ઊઠે છે.

8THPDQ

તહેવારો આપણા જીવનમાં શુદ્ધ પ્રાણવાયુ પૂરો પાડે છે.